RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 332 * Date: 23.9.2026,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

# મિડલ ઈસ્ટમાં તણાવ વચ્ચે ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ૭ દિવસમાં ખોલવા સંમતિ આપી

## જાપાનની 'ક્યોડો ન્યૂઝ' મુજબ, ઈરાને અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ સામે પર્સિયન ગલ્ફમાંથી સૈન્ય દબાણ ઘટાડવાની કડક શરત મૂકી



નવી દિલ્હી, તા.૨૨

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે ઈરાને વિશ્વને મોટી રાહત આપી છે. ઈરાન સૌથી મહત્વપૂર્ણ તેલ સપ્લાય રૂટ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ને ૭ દિવસમાં ખોલવા માટે તૈયાર છે, પરંતુ તેણે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે એક કડક શરત મૂકી છે. ઈરાન સંબંધિત આ સમાચાર જાપાનની 'ક્યોડો ન્યૂઝ' એ પ્રકાશિત કર્યા છે, ત્યારબાદ હવે વિશ્વની નજર ડોનાલ્ડ ટ્રમ્પ તરફ મંડરાયેલી છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને તેલના આસમાને પહોંચતા ભાવ વચ્ચે ઈરાને એક એવો દાવ રમી દીધો છે, જેનાથી સમગ્ર વિશ્વ માટે આગામી ૭ દિવસમાં મોટા સમચાર આવી શકે છે. વિશ્વની સૌથી સંવેદનશીલ દરિયાઈ પટ્ટી ગણાતા હોર્મુઝ સ્ટ્રેટને ઈરાન આગામી સાત દિવસમાં ફરીથી ખોલવા માટે રાજી થઈ ગયું છે. તેહરાને તેના બદલામાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે એક એવી કડક શરત મૂકી છે, જેનાથી વોશિંગ્ટનમાં હોબાળો મચી ગયો છે. હવે ટ્રમ્પ પાસે એક જ રસ્તો બચ્યો છે.

જાપાનની જાણીતી સમાચાર એજન્સી 'ક્યોડો ન્યૂઝ' એ ઈરાની સરકારના એક વરિષ્ઠ અધિકારીને ટાંકીને આ સમગ્ર ઘટનાક્રમનો ખુલાસો કર્યો છે. ઈરાનના આ અધિકારીએ આંતરરાષ્ટ્રીય સમુદાયને સંદેશ આપ્યો છે કે, તેમનો દેશ વાટાઘાટોના રસ્તા બંધ કરવાના મૂડમાં નથી, પરંતુ સાથે જ તેમણે અમેરિકાને એ વાતનો અહેસાસ પણ કરાવી દીધો છે કે તાળી એક હાથે વાગતી નથી. ઈરાનનું માનવું છે કે, છેલ્લા કેટલાક સમયથી અમેરિકી વહીવટીતંત્ર જે પ્રકારનું આક્રમક વલણ અપનાવી રહ્યું છે, તેનાથી શાંતિના કોઈ પ્રયાસો સફળ થઈ શકે નહીં. જો અમેરિકા ખરેખર આ આંતરરાષ્ટ્રીય સંકટનો ઉકેલ ઈચ્છતું હોય તો તેણે માત્ર વાતો કરવાને બદલે ગ્રાઉન્ડ લેવલ પર પોતાની ગંભીરતા અને કટિબદ્ધતા સાબિત કરવી પડશે.

હવે સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે, ઈરાનની એ કઈ શરત છે, જેણે વોશિંગ્ટનથી લઈને તેલ બજારો સુધી હલચલ મચાવી દીધી છે? ખરેખર, ઈરાનની મુખ્ય અને કડક માંગ એ છે કે, અમેરિકા પર્સિયન ગલ્ફ (ફારસની ખાડી) અને તેની આસપાસના વિસ્તારોમાંથી પોતાનું સૈન્ય દબાણ તુરંત ઘટાડે.

અમેરિકાએ જે રીતે આ વિસ્તારમાં પોતાની નૌકાદળ, લડાકુ વિમાનો અને ઘાતક મિસાઈલોની તૈનાતી વધારી દીધી છે, ઈરાન તેને પોતાના માથા પર લટકતી તલવાર માને છે. ઈરાનનું કહેવું છે કે જ્યાં સુધી તેના પર સૈન્ય કાર્યવાહીનો ખતરો મંડરાતો રહેશે, ત્યાં સુધી કોઈપણ પ્રકારની શાંતિ સમજૂતીનો કોઈ અર્થ રહેતો નથી. ઈરાને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે શરત મૂકી છે કે, જો અમેરિકા પર્સિયન ગલ્ફમાંથી પોતાનું સૈન્ય પાછું ખેંચી લે છે, તો ઈરાન માત્ર સાત દિવસની અંદર સ્ટ્રેટ ઓફ હોર્મુઝને તમામ વેપારી જહાજો અને તેલ ટેક્રોની અવરજવર માટે સુરક્ષિત રીતે ખોલી દેશે.

આ મોટા રાજદ્વારી વળાંક વચ્ચે વિશ્વભરના નિષ્ણાતોની નજરો એ વાત પર પણ ટકેલી હતી કે, શું આગામી દિવસોમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) ની બેઠક દરમિયાન કોઈ મોટો ચમત્કાર થઈ શકે છે? શું અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાની રાષ્ટ્ર પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન એક મંચ પર આવીને હાથ મિલાવી શકે છે?

જોકે, ઈરાની અધિકારીએ આ તમામ અટકળો પર વિરામ મૂકી દીધો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે UNGA દરમિયાન બંને ટોચના નેતાઓ વચ્ચે કોઈ મુલાકાત કે સીધી વાટાઘાટોનો કોઈ પ્લાન નથી. નિષ્ણાતોનું માનવું છે કે, ઈરાન કોઈ નક્કર પરિણામ કે શરત વિના પોતાના રાષ્ટ્ર પ્રમુખને ટ્રમ્પ સામે મોકલવા નથી માંગતું. જ્યાં સુધી અમેરિકા સૈન્ય દબાણ ઘટાડવા પર કોઈ લેખિત ભરોસો ન આપે, ત્યાં સુધી ઈરાનનો કોઈ મોટો નેતા ટ્રમ્પ સાથે ટેબલ પર બેસવા તૈયાર થશે નહીં. તેવામાં હવે ટ્રમ્પ પાસે માત્ર પડદા પાછળથી કૂટનીતિ ચલાવવાનો જ છેલ્લો રસ્તો બચ્યો છે.

વિશ્વના તેલની નસઃ હોર્મુઝ સમગ્ર વિશ્વની 'ઓઈલ સપ્લાયની કરોડરજ્જુ' કહેવામાં આવે તો ખોટું નહીં હોય. પર્સિયન ગલ્ફને ઓમાનની ખાડી અને અરબ સાગર સાથે જોડતો આ સાંકડો રસ્તો વિશ્વનો સૌથી સંવેદનશીલ દરિયાઈ વિસ્તાર છે. વૈશ્વિક સ્તરે ઉપયોગમાં લેવાતા કુલ કાચા તેલનો લગભગ ૨૦થી ૩૦ ટકા હિસ્સો માત્ર આ એક જ રસ્તા પરથી પસાર થઈને સમગ્ર વિશ્વમાં સપ્લાય થાય છે.

# ઉત્તર પ્રદેશની ૧૦ અને ઉત્તરાખંડની ૧ રાજ્યસભા બેઠક માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર

ચૂંટણી પંચ દ્વારા ઉત્તર પ્રદેશની ૧૦ અને ઉત્તરાખંડની ૧ રાજ્યસભા બેઠક માટે ચૂંટણી કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. આ તમામ ૧૧ બેઠકો માટે ૧૬ ઓક્ટોબરના રોજ મતદાન યોજાશે અને તે જ દિવસે સાંજે પરિણામો પણ જાહેર કરવામાં આવશે. ઉત્તર પ્રદેશની ૧૦ રાજ્યસભા સીટોના વર્તમાન સભ્યોનો કાર્યકાળ ૨૫ નવેમ્બરે પૂર્ણ થઈ રહ્યો છે, જેને પગલે આ ચૂંટણી યોજાઈ રહી છે.યુપીની ૧૦ રાજ્યસભા બેઠકોમાંથી હાલ ૮ બેઠકો ભારતીય જનતા પાર્ટી (BJP) પાસે છે, જ્યારે ૧-૧ બેઠક સમાજવાદી પાર્ટી (SP) અને બસપા (BSP) પાસે છે. ભાજપના જે રાજ્યસભા સભ્યોનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે તેમાં કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી, પૂર્વ ડીજીપી બ્રજલાલ, સીમા દ્વિવેદી, નીરજ શેખર, ગીતા શાક્યા, અરૂણ સિંહ અને બી.એલ. વર્માનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ડો. દિનેશ શર્માએ અંદમાન અને નિકોબારના એલજી બન્યા બાદ રાજીનામું આપતાં તે બેઠક પણ ખાલી પડી છે. સમાજવાદી પાર્ટીના મુખ્ય રાષ્ટ્રીય મહાસચિવ રામગોપાલ યાદવ અને બસપાના રામજી ગૌતમનો કાર્યકાળ પણ પૂર્ણ થઈ રહ્યો છે.ઉત્તર પ્રદેશ વિધાનસભાની કુલ ૪૦૩ બેઠકોમાંથી હાલમાં ૬ ધારાસભ્યોના નિધન બાદ ૩૯૭ ધારાસભ્યો મતદાન કરશે. રાજ્યસભાની એક સીટ જીતવા માટે ઉમેદવારને આશરે ૩૭ પ્રથમ પસંદગીના મતોની જરૂર પડશે. બસપાનો યુપી વિધાનસભામાં એક પણ ધારાસભ્ય ન હોવાથી, વર્તમાન સાંસદનો કાર્યકાળ પૂરો થતાં જ રાજ્યસભામાં પણ બસપાનું પ્રતિનિધિત્વ શૂન્ય થઈ જશે

# નાગોર જિલ્લાની મુંડવા નગરપાલિકામાં ભાજપને શરમજનક હાર મળી

રાજસ્થાન, તા.૨૨

રાજસ્થાનના નાગોર જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીને એક મોટી અને શરમજનક હારનો સામનો કરવો પડ્યો છે. પાર્ટીના તમામ કાઉન્સિલરએ ક્રોસ વોટિંગ કરતાં ચેરમેન પદના ઉમેદવારને એક પણ મત મળ્યો નહોતો. જેના કારણે શિસ્તબદ્ધ ગણાતી પાર્ટી ખુબ જ ક્ષોભજનક સ્થિતિમાં મૂકાઈ હતી.

રાજસ્થાનના અજમેર અને પાલી કોર્પોરેશનમાં ભાજપ દ્વારા સરકાર બનાવવાની ખબરો સામે આવી હતી, પરંતુ જયપુરથી આશરે ૨૫૦ કિલોમીટર દૂર આવેલા નાગોરની મુંડવા નગરપાલિકામાં સ્થિતિ એકદમ વિપરીત રહી હતી. જિલ્લાની મુંડવા નગરપાલિકામાં સૌથી મોટો પક્ષ હોવા છતાં ભાજપ માત્ર પોતાનો ચેરમેન બનાવવામાં જ નિષ્ફળ ન રહી, પરંતુ શરમજનક સ્થિતિનો પણ સામનો કરવો પડ્યો. અહીં ભાજપના તમામ કાઉન્સિલરએ ક્રોસ વોટિંગ કર્યું હતું અને ભગવા દળના ચેરમેન પદના ઉમેદવારને એક પણ મત પ્રાપ્ત થયો નહોતો.

મુંડવા નગરપાલિકામાં ચેરમેન પદ માટે યોજાયેલા મતદાનમાં કોંગ્રેસ અને હનુમાન બેનીવાલની રાષ્ટ્રીય લોતાંત્રિક પાર્ટી(આરએલપી)એ બાજી મારી લીધી હતી. કુલ ૨૫ બેઠકોવાળી આ નગરપાલિકામાં ભાજપ શૂન્ય પર સિમીત રહી ગઈ અને કોંગ્રેસ-આરએલપી ગઠબંધનને એક જ મતથી વિજય પ્રાપ્ત થયો હતો. કોંગ્રેસ અને આરએલપીના સંયુક્ત ઉમેદવાર અલકા દેવી કંડોઈને ૧૩ મત મળ્યા અને તેઓ ચેરમેન તરીકે ચૂંટાઈ આવ્યા. બીજી તરફ, અપક્ષ ઉમેદવાર ઘનશ્યામ સદાવાત માત્ર એક મતથી હારી ગયા, જેમને કુલ ૧૨ કાઉન્સિલરના મત મળ્યા હતા. ભાજપમાંથી ટિકિટ ન મળતાં બળવો કરનાર સદાવાતે અપક્ષ ચૂંટણી લડી હતી.

મુંડવા નગરપાલિકામાં કુલ ૨૫ વૉર્ડ આવેલા છે, જેમાં ચૂંટણી દરમિયાન ભાજપે સૌથી વધુ ૧૦ વૉર્ડ પર વિજય મેળવ્યો હતો. જ્યારે આરએલપીને ૭, કોંગ્રેસને ૩ અને અપક્ષોને ૫ બેઠકો મળી હતી.

કોંગ્રેસ અને આરએલપીએ હાથ મિલાવીને અલકા દેવીને પોતાના સંયુક્ત ઉમેદવાર બનાવ્યા હતા. ગઠબંધન પાસે કુલ ૧૦ મત હોવા છતાં અલકા દેવીને ૧૩ મત મળ્યા, જેનો અર્થ સ્પષ્ટ છે કે અપક્ષ અથવા ભાજપના કેટલાક કાઉન્સિલરએ પણ તેમને મત આપ્યા હતા. ભાજપે ગીતા દેવીને મેદાનમાં ઉતાર્યા હતા, પરંતુ તેમને એક પણ મત મળ્યો નહોતો.




# આશિષ દુસાદ ચોમુના ચેરમેન બનતાં અશોક વિહારમાં ઉજવણીનો માહોલ છવાઈ ગયો

આશિષ દુસાદે ચોમુના ચેરમેન બન્યા બાદ મંદિરમાં ભગવાનના આશીર્વાદ માંગ્યા, અને તેમના પિતા ગોવિંદ દુસાદ, પરિવાર અને ચોમુના દેવતા જેવા લોકો પાસેથી પણ આશીર્વાદ મેળવ્યા. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા ચોમુ મ્યુનિસિપલ કાઉન્સિલના પ્રથમ પૂર્ણ-ગાળાના ચેરમેન તરીકે શ્રી આશિષ દુસાદની નિમણૂક પર અશોક વિહાર વોર્ડ નંબર ૨૨ ના રહેવાસીઓએ તેમને હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ પાઠવી. બધાએ આશા વ્યક્ત કરી કે, જેમ ચોમુ મ્યુનિસિપલ કાઉન્સિલના ચેરમેન તરીકે આશિષ દુસાદનો પાછલો કાર્યકાળ વિકાસ અને જાહેર સેવામાં ખૂબ જ પ્રશંસનીય અને ઐતિહાસિક રહ્યો. તેમણે હંમેશા શોષિત, પીડિત, વંચિત અને ગરીબોના અધિકારો અને કલ્યાણ માટે લડ્યા છે. સમાજના તળિયે રહેલા લોકોને વિકાસ અને સહાય પૂરી પાડવી એ તેમનું પ્રાથમિક લક્ષ્ય રહ્યું છે. સેવાની આ જ ભાવના, અટલ સમર્પણ અને કુશળ નેતૃત્વને અનુરૂપ, પાર્ટી અને જનતાએ ફરી એકવાર તેમના સમર્પણ, અટલ વફાદારી અને કુશળ નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે, તેમને અધ્યક્ષ ચૂંટ્યા છે. વધુમાં, વોર્ડ ૨૨ અને ચોમુના લોકોને તમારા પર સંપૂર્ણ વિશ્વાસ છે કે તમારા નેતૃત્વમાં નગર પરિષદ વિસ્તારમાં વિકાસની ગતિ ઝડપી બનશે અને દરેક વર્ગને સન્માન મળશે.

ચોમુના અધ્યક્ષ બનવા પર આશિષ દુસાદ, રાજસ્થાન રાજ્યના મુખ્ય પ્રવક્તા અને પૂર્વ ધારાસભ્ય રામલાલ શર્મા, ભાજપના તમામ કાઉન્સિલરો, અધિકારીઓ અને ચોમુના તમામ વેપારી મંડળો, ધાર્મિક અને સામાજિક સંસ્થાઓના સભ્યો, ડૉ. ઓમ પ્રકાશ ધામોડ, રાજેન્દ્ર અગ્રવાલ, રાધેશ્યામ અગ્રવાલ, શ્રવણ કામદાર, સંવરમલ બાજા, રામલાલ બાજા, કૃષ્ણાલાલ, કે. રાવત, અશોક બંસલ, દામોદર પ્રસાદ રાવત, મહેશ કાસલીવાલ, ભુવનેશ તિવારી, બનવારી લાલ શર્મા, મનીષ શર્મા, મનીષ જાંગીડ, નારાયણ મહેશ્વરી, પ્રોફેસર રમેશ રાવત, કૈલાશ ઝાલાની, નેનેશ પ્રધાન, દિનેશ ખેમાવાલા, મનીષ દીક્ષિત, સુનૈષ રાવત, દેવપાલ, એ. કિશન રાવત, નીતિન અગ્રવાલ, હરી રાવત, રાજેન્દ્ર તાંબી, નરોત્તમ કામદાર, રાજેન્દ્ર ધામોડ, કૈલાશ ચંદ્ર ઘુટેટા, ડો.વિનોદ અગ્રવાલ, અશોક અગ્રવાલ, અશોક અગ્રવાલ અનંતપુરા વાલે, મનોજ શર્મા, ઓમ પ્રકાશ કાસલીવાલ, હેમંત ખંડેલવાલ, મેહુલ અગ્રવાલ, ગોવિન અગ્રવાલ વર્ગીય, કેશવ રાવત, રાજેન્દ્ર અગ્રવાલ, ચંદ્ર પ્રકાશ તાંબી, સુનીલ અગ્રવાલ, મૂળચંદ દુસાદ, રામ મનોહર દુસાદ, પપ્પુ જી દુસાદ, રામ અવતાર દુસાદ અને વિનોદ દુસાદ, નીલેશ સરાફ, પ્રવીણ શર્મા, વિનેશ અગ્રવાલ, રામ અવતાર મહાજન, અનિલ જૈન, સુધરાઈ અગ્રવાલ,




પી.આર.પી. માધાની, ગોવિંદ ઝાલાની, વિનોદ ઝાલાની, સંજય ખટોડ, ચિરંજી લાલ મહેશ્વરી, રમેશ બજાજ, રાજુ જી હલવાઈ, મનીષ અગ્રવાલ, મુકેશ કે ડી, દામોદર અગ્રવાલ, હરિ નારાયણ શર્મા, કુંજ બિહારી તાંબી, અમર ચંદ્ર રાવત, વિમલ શર્મા, શિવદાસ ખાન, પ્રસાદલ શર્મા, બાવડા, બાવડા, નાયબ પટેલ અગીવાલ, વિનોદ ખટોડ, સુરેશ તાંબી, યોગેશ ખટોડ, રાધેશ્યામ નાનકા, રામબાબુ નાયક, સુરેશ મહારીયા, ડો.મદન લાલ કુમાવત, ડો.સીતારામ શર્મા, શ્યામ સુંદર અગ્રવાલ, ગોપાલ અગ્રવાલ, લખન બગોરીયા, સંજય બજાજ, અરૂણ પટવારી, રાજકુમાર થેરાણી, ડો. લાંચ આપી છે!

## તંત્રી સ્થાનેથી..

### ક્રૂડના ભાવમાં વધુ ઘટાડો: વૈશ્વિક સોના ચાંદીના ભાવ ઘટયા પછી ફરી ઉંચકાયા

મુંબઈ : મુંબઈ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ વધ્યા મથાળેથી ફરી ઘટાડા પર રહ્યા હતા જ્યારે ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. વિશ્વબજારમાં બેતરફી ઉછળકુદ દેખાઈ હતી. દરમિયાન, વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડો આગળ વધતાં તેની ઈમ્પેક્ટ પણ સોનાના ભાવ પર દેખાઈ હતી. ક્રૂડતેલના ભાવ વધુ ત્રણ ટકા ગબડયા હતા. દરમિયાન, વૈશ્વિક સોનાના ભાવ ઔંશના ૪૩૭૮થી ૪૩૭૯ ડોલરવાળા આજે નીચામાં ભાવ ૪૩૪૦ તથા ઉંચામાં ભાવ ૪૩૮૩ થઈ ૪૩૬૯થી ૪૩૭૦ ડોલર રહ્યા હતા.

વિશ્વબજાર ઘટતાં તથા ઘરઆંગણે કરન્સી બજારમાં રૂપિયા સામે ડોલરના ભાવ ઘટતાં આયાતી કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટમાં પીછેહટ દેખાઈ હતી અને તેની અસર ઝવેરીબજારો પર દેખાઈ હતી. અમદાવાદ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૦૦૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૫૬૭૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૫૭૦૦૦ રહ્યા હતા. અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૨૩૫૦૦૦ રહ્યા હતા. વિશ્વબજારમાં આજે ચાંદીના ભાવ ઔંસના ૬૬.૨૫ વાળા નીચામાં ભાવ ૬૫.૭૩ થયા પછી ઉંચામાં ભાવ ૬૭.૦૫ થઈ ૬૬.૬૭થી ૬૬.૬૮ ડોલર રહહ્યા હતા. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સની વધઘટ પાછળ વિશ્વબજારમાં કિંમતી ધાતુઓમાં ભાવમાં બેતરફી વધઘટ દેખાઈ હતી.ક્રૂડતેલના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા. બ્રેન્ટક્રૂડના ભાવ બેરલના ૧૦૩.૮૭ વાળા ૧૦૦.૨૦ થઈ ૧૦૧.૦૯ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ૧૦૦.૩૦ વાળા ૯૬.૯૨ થઈ ૯૭.૫૭ ડોલર રહ્યા હતા. ઈરાન સાથે વાતચીત માટે પોતે તૈયાર હોવાનું અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે જણાવ્યાના સમાચાર હતા. સાઉદી અરેબીયા ખાતેથી ક્રૂડની સપ્લાય વધ્યાના વાવડ મળ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૯૦૦ ઘટી ૯૯૫ના રૂ.૧૫૨૭૨૩ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૫૩૩૩૭ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૧૦૦૦ ઘટી રૂ.૨૩૪૯૯૨ રહ્યા હતા. વિશ્વબજારમાં પ્લેટીનમના ભાવ ઔંશદીઠ ૧૮૧૧ ડોલર રહ્યા હતા.

# દિલ્હી હાઈકોર્ટને સાત નવા ન્યાયાધીશો મળ્યા, કાર્યરત ન્યાયાધીશોની સંખ્યા ૫૦ સુધી પહોંચશે

નવી દિલ્હી,

દિલ્હી હાઈકોર્ટને સાત નવા ન્યાયાધીશો મળવા જઈ રહ્યા છે, આ નિમણૂકો સાથે હાઈકોર્ટમાં કાર્યરત ન્યાયાધીશોની કુલ સંખ્યા વધીને ૫૦ થઈ જશે.

દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડી. કે. ઉપાધ્યાય હાઈકોર્ટના પરિસરમાં સવારે ૧૦ વાગ્યે યોજાનાર સમારોહમાં નવા નિયુક્ત ન્યાયાધીશોને શપથ લેવડાવશે.

શપથ લેનારા સાત ન્યાયિક અધિકારીઓમાં નિવેદિતા અનિલ શર્મા, નિશા સહાય સક્સેના, સંજય શર્મા, ભરત પરાશર, અદિતિ ચૌધરી, દિનેશ ભટ્ટ અને અરુણ ભારદ્વાજનો સમાવેશ થાય છે.

સાત ન્યાયિક અધિકારીઓ દિલ્હી હાઈકોર્ટમાં જોડાશે

આ તમામ સાત ન્યાયિક અધિકારીઓ અત્યાર સુધી દિલ્હીની જિલ્લા ન્યાયતંત્રમાં સેવા આપી રહ્યા હતા. સુપ્રીમ કોર્ટના કોલેજિયમ દ્વારા તેમના નામોની ભલામણ કરવામાં આવ્યા બાદ તેમને હાઈકોર્ટમાં બઢતી આપવામાં આવી છે.

કોલેજિયમની ભલામણ બાદ કેન્દ્ર સરકારે ૧૯ સપ્ટેમ્બરે તેમની નિમણૂક માટેનું જાહેરનામું બહાર પાડ્યું હતું.

આ નિમણૂકો દિલ્હી હાઈકોર્ટની ક્ષમતામાં વધારો કરશે, જ્યાં ન્યાયાધીશોની મંજૂર થયેલી સંખ્યા ૬૦ છે. નિમણૂક અંગેની માહિતી અનુસાર, સાત નવી નિમણૂકો સાથે હાઈકોર્ટમાં કાર્યરત ન્યાયાધીશોની સંખ્યા વધીને ૫૦ થઈ જશે.

શપથ ગ્રહણ સમારોહ સોમવારે સવારે ૧૦ વાગ્યે દિલ્હી હાઈકોર્ટ સંકુલમાં શરૂ થશે.

દિલ્હી હાઈકોર્ટમાં ૬૦ મંજૂર પદો છે

દિલ્હી હાઈકોર્ટમાં હાલમાં ન્યાયાધીશોની મંજૂર થયેલી સંખ્યા ૬૦ છે. સાત નવી નિમણૂકો કાર્યરત ન્યાયાધીશોની સંખ્યાને મંજૂર ક્ષમતાની નજીક લઈ જશે.

દિલ્હી હાઈકોર્ટના લાંબા ઈતિહાસ અને દાયકાઓ દરમિયાન રાષ્ટ્રીય રાજધાનીમાં ન્યાયતંત્રના વિસ્તરણના સંદર્ભમાં પણ આ ઘટનાક્રમ મહત્વપૂર્ણ છે.

દિલ્હી હાઈકોર્ટની સ્થાપના ક્યારે થઈ હતી?

દિલ્હી હાઈકોર્ટ અસ્તિત્વમાં ૩૧ ઓક્ટોબર, ૧૯૬૬ના રોજ આવી હતી. જોકે, અલગ હાઈકોર્ટની સ્થાપના પહેલાં દિલ્હીના ન્યાયિક વહીવટમાં અનેક ફેરફારો થયા હતા.

શરૂઆતમાં, ૧૯૧૯માં સ્થપાયેલી લાહોર હાઈકોર્ટનું અધિકારક્ષેત્ર પંજાબ અને દિલ્હી બંને પર હતું. આ વ્યવસ્થા ૧૯૪૭માં દેશના ભાગલા સુધી ચાલુ રહી હતી.

૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ 'ઈસ્ટ પંજાબ હાઈકોર્ટ'ની સ્થાપના કરવામાં આવી હતી. તેની કાર્યવાહી શિમલાની પીટરહોફ બિલ્ડિંગથી શરૂ થઈ હતી. જાન્યુઆરી ૧૯૮૧માં લાગેલી આગમાં આ ઈમારત નાશ પામી હતી.

૧૯૫૪-૫૫માં, પંજાબ સરકારે પોતાની કામગીરી ચંદડીગઢ ખસેડ્યા બાદ, હાઈકોર્ટ પણ ત્યાં સ્થળાંતરિત થઈ અને 'પંજાબ હાઈકોર્ટ' તરીકે ઓળખાવા લાગી. દિલ્હીને લગતા કેસોની સુનાવણી માટે એક સર્કિટ બેન્ચની સ્થાપના કરવામાં આવી




હતી.

જેમ જેમ દિલ્હીની વસ્તી અને મહત્વ વધ્યું, તેમ સંસદે ૫ સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ 'દિલ્હી હાઈકોર્ટ એક્ટ' પસાર કર્યો. ત્યારબાદ, ૩૧ ઓક્ટોબર, ૧૯૬૬ના રોજ અલગ દિલ્હી હાઈકોર્ટની સ્થાપના કરવામાં આવી.

શરૂઆતમાં દિલ્હી હાઈકોર્ટમાં ચાર ન્યાયાધીશો હતા.

જ્યારે દિલ્હી હાઈકોર્ટની સ્થાપના થઈ ત્યારે તેમાં માત્ર ચાર ન્યાયાધીશો હતા. તેઓ હતા - મુખ્ય ન્યાયાધીશ કે. એસ. હેગડે, ન્યાયાધીશ આઈ. ડી. દુઆ, ન્યાયાધીશ એચ. આર. ખન્ના અને ન્યાયાધીશ એસ. કે. કપૂર.

શરૂઆતના વર્ષોમાં, દિલ્હી હાઈકોર્ટ હિમાચલ પ્રદેશના કેસો પણ સંભાળતી હતી. હાઈકોર્ટની એક બેન્ચ શિમલાની રેવેન્સવુડ ઈમારતમાં બેસતી હતી. આ વ્યવસ્થા ૨૫ જાન્યુઆરી, ૧૯૭૧ના રોજ સમાપ્ત થઈ, જ્યારે હિમાચલ પ્રદેશ એક પૂર્ણ-કક્ષાનું રાજ્ય બન્યું.

સમય જતાં, દિલ્હી હાઈકોર્ટમાં ન્યાયાધીશોની મંજૂર કરાયેલી સંખ્યામાં વધારો થયો. હાલમાં તેમાં ૬૦ મંજૂર પદો છે, જેમાં ૪૫ કાયમી અને ૧૫ વધારાના (એડિશનલ) ન્યાયાધીશોનો સમાવેશ થાય છે.

સાત નવી નિમણૂકો દિલ્હી હાઈકોર્ટની ન્યાયિક ક્ષમતામાં વધુ એક ઉમેરો કરે છે; નવા ન્યાયાધીશો શપથ લીધા બાદ વિધિવત રીતે પોતાનો કાર્યભાર સંભાળશે.

# જલ જીવન મિશનના દાવા પાણીમાં, ગુજરાતમાંથી હેન્ડ પંપ બંધ હોવાની ૧.૫૧ લાખ ફરિયાદો મળી

ગુજરાત સરકારના 'જલ જીવન મિશન' અંતર્ગત કરોડોના ખર્ચે શુદ્ધ પાણી પહોંચાડવાના દાવા પોકળ સાબિત થયા છે. છેલ્લા ૩ વર્ષમાં રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાંથી પાણી પુરવઠા વિભાગને ૧.૫૧ લાખથી વધુ ફરિયાદો મળી છે. તેમાંથી ૧.૩૪ લાખ ફરિયાદો બંધ હેન્ડપંપ અંગેની છે. ૭૫% ગ્રામજનોને હેલ્પલાઈન ૧૯૧૬ વિશે જાણ નથી. ફરિયાદોનો નિકાલ ૭ દિવસને બદલે ૬ મહિના સુધી લાગે છે.જલ જીવન મિશનના દાવા પાણીમાં, ગુજરાતમાંથી હેન્ડ પંપ બંધ હોવાની ૧.૫૧ લાખ ફરિયાદો મળીગુજરાત સરકાર દ્વારા દરેક ઘર સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવા માટે 'જલ જીવન મિશન' અંતર્ગત કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવી રહ્યો છે, પરંતુ વાસ્તવિક ચિત્ર કંઈક અલગ જ હોવાનું સામે આવ્યું છે. રાજ્યના ગ્રામીણ



વિસ્તારોમાં પાણીની સમસ્યા વિકટ બની છે અને સરકારી દાવાઓની પોલ ખુલી રહી છે.ો દર્શાવે છે કે, ગ્રામીણ વિસ્તારોમાં પાણી માટે પ્રજા ત્રાસી ગઈ છે. છેલ્લા ૩ વર્ષમાં વિભાગને પાણી મુદ્દે કુલ ૧.૫૧ લાખથી વધુ ફરિયાદો મળી છે. કેગના અહેવાલ અનુસાર, કુલ ફરિયાદોમાંથી સૌથી મોટો હિસ્સો એટલે કે ૧.૩૪ લાખ ફરિયાદો માત્ર બંધ પડેલા હેન્ડપંપ અંગેની છે. ગામડાઓમાં પીવાના પાણીના વૈકલ્પિક રેત સમાન હેન્ડપંપો યોગ્ય જાળવણીના અભાવે શોભાના ગાંઠિયા સમાન બની ગયા છે. આ સિવાય, ૧૭,૦૦૦ થી વધુ ફરિયાદો એવી છે જેમાં ગ્રામજનને પૂરતું પાણી જ મળતું નથીવહીવટી લાલિયાવાડી અને સમયનો બગાડસકારે નિયમ બનાવ્યો હતો કે પાણી અંગેની કોઈપણ ફરિયાદનો નિકાલ મહત્તમ ૭ દિવસમાં કરી દેવામાં આવશે. પરંતુ લાલિયાવાડી એવી છે કે આ ફરિયાદો ઉકેલવામાં ૩૦ દિવસથી લઈને ૬ મહિના સુધીનો સમય લાગી રહ્યો છે. ટૂંકમાં, સરકારના જલ જીવન મિશન હેઠળ ઘેર-ઘેર પાણી પહોંચાડવાના દાવાઓ જમીની સ્તરે પોકળ સાબિત થઈ રહ્યા હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છેહેલ્પલાઈન અંગે અજાણ ગ્રામજનોપાણી પુરવઠા વિભાગે પ્રજા ફરિયાદ નોંધાવી શકે તે માટે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૯૧૬ જાહેર કર્યો છે. આ નંબરની વિગતો ગ્રામ પંચાયત, આંગણવાડી અને જાહેર સ્થળો પર પ્રદ શત કરવાનો આદેશ હતો. પરંતુ તાજેતરમાં થયેલા એક સરકારી સર્વેમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, ૭૫ ટકા લોકોને આ હેલ્પલાઈન વિશે કોઈ જ માહિતી નથી. પ્રચાર-પ્રસારના અભાવે સરકારી યોજનાઓ માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ હોય તેવું સ્પષ્ટ જણાય છે.

# રશિયા નાટો દેશો પર હુમલો કરશે ? મેક્રોંએ આપેલી ચેતવણી : યુરોપ સંભવિત યુદ્ધ માટે તૈયાર

પેરિસમાં ફ્રાંસના પ્રમુખ મેક્રોંએ રશિયા દ્વારા યુરોપ સામે ઊભી થયેલી સંભવિત સુરક્ષા કટોકટી અંગે ચેતવણી આપી છે. રશિયાના ડ્રોન, મિસાઈલ હુમલા, સાયબર એટેકથી યુરોપના દેશો ચિંતિત છે. પોલેન્ડ અને જર્મની સહિતના દેશો યુદ્ધની તૈયારી કરી રહ્યા છે. જોકે, પુતિને યુરોપ પર હુમલાનો ઈરાદો ન હોવાનું જણાવી સહકારની વાત કરી છે.રશિયા તરફથી ઊભી થનારી સંભવિત ભીતિને લીધે, વ્યાપક સલામતી કટોકટી યુરોપમાં ઉપસ્થિત થઈ છે. બીજી તરફ પુતિને તો સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, યુરોપ ઉપર આક્રમણ કરવાનો કોઈ ઈરાદો નથી. છતાં ડ્રોન અને મિસાઈલ હુમલા, સેબોટેજ અને સાયબર એટેક્સ તો અવિરત રહ્યા છે. પરિણામે યુરોપ સંભવિત યુદ્ધ માટે તૈયાર બની રહ્યું છે.ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુએલ મેક્રોંએ ૧૮ મી સપ્ટેમ્બરે ચેતવણી ઉચ્ચારી હતી કે રશિયા આડકતરી રીતે યુરોપ સામે ભીતિ ઊભી કરી રહ્યું છે. તેથી યુરોપ અને વિશેષતઃ ફ્રાંસ સામે સંકર-ભીતિ ઉપસ્થિત થઈ છે.આ સાથે મેક્રોંએ કહ્યું હતું કે, અત્યારથી જ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંવેદનશીલ સંરક્ષણ મથકોને, સઁભવિત ડ્રોન અને સાયબર એટેકથી બચાવવા પ્રયત્નો કરી રહ્યું છે.પોલેન્ડના વડાપ્રધાન ડૉનાલ્ડ ટસ્કે પણ ચેતવણી ઊચ્ચારી હતી કે, રશિયા, યુક્રેનને સમર્થન આપનારા દેશો ઉપર ડ્રોન કે મિસાઈલ હુમલાઓ કરે તે સંભવિત છે. તેમાં પોલેન્ડ સહિતના નાટો, દેશો તે આવરી લઈ શકે તેમ છે. આકસ્મિક રીતે પણ જો આવું બને તો તે નાટો દેશોની સામુહિક-સંરક્ષણ-પ્રતિબદ્ધતા માટેનું પરીક્ષણ બની રહેશે.યુરોપના દેશો કહે છે કે, તેઓની આકાશી સીમાનું વારંવાર થતું ઉલ્લંઘન, શંકાસ્પદ સેબોટેજ અને અન્ય કાર્યવાહીઓ ચાલે છે તેના કર્તા રશિયા હોવાનું સભવિત છે. અધિકારીઓ તેને હાઈબ્રીડ-કેમ્પેઈન (સંકર-યુદ્ધ) તરીકે જ જણાવે છે. તેમાં સાઈબર એટેક્સ, સેબોટેજ, ડીસ-ઈન્ફેર્મેશન (વિકૃત-માહિતીઓ) અને પોલિટિક્સ ઈન્ટર-ફીયરન્સ (રાજકીય દખલગીરી) સમાવિષ્ટ છે.જર્મનીએ પણ સંભવિત મહા-સંગ્રામ માટે તૈયારીઓ શરૂ કરી છે. તેણે સૌથી પહેલાં નાગરિકોને માટે આરોગ્ય સેવાઓ સાબદી કરી છે. ફીનલેન્ડે ડ્રોન હુમલા તથા એર-રેઈડ માટે તૈયારીઓ હાથ ધરી છે. લેટવિયાએ તેની પૂર્વ સીમા પર સલામતી મજબૂત કરી છે, સાથે ડ્રોન અને કાઉન્ટર-ડ્રોન શક્તિ વધારી છે.યુ.કે.એ પણ નાગરિકોને, કટોકટી સમય માટે અનિવાર્ય ઘરગથ્થુ પૂરવઠો રાખવા જણાવી દીધું છે. બીજી તરફ રશિયન સમવાયતંત્રના પ્રમુખ પુતિને સપ્ટેમ્બર ૧૯ મીએ જ આવા દાવાઓ ફગાવી દેતાં કહ્યું છે કે, રશિયાનો, યુરોપ કે યુરોપના દેશો ઉપર આક્રમણ કરવાનો કોઈ ઈરાદો જ નથી. રશિયા તેના યુરોપીય પાડોશીઓ સાથે સહકાર ભર્યા સંબંધો સ્થાપવા આતુર છે. આ સાથે તેઓએ યુરોપીય દેશોની ટીકા કરતાં કહ્યું હતું કે તેઓ બાલ્ટિક-સમુદ્રમાં ચાલી રહેલી યુદ્ધ કવાયતો યોગ્ય ઠરાવવા આમ કરી રહ્યા છે. આ સાથે પુતિને તેવી પણ ચેતવણી ઉચ્ચારી છે કે આમ છતાં અનિવાર્ય લાગશે તો રશિયા તેનો બરોબરનો જવાબ આપશે.

# ઈરાને સાત શર્તો મુકી : તંગદિલી વધતાં ટ્રમ્પ કેમ્પ ડેવીડની મુલાકાત ટૂંકાવી વ્હાઈટ હાઉસ પરત પહોંચ્યા

પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ ઉગ્ર બની છે. ઈરાને મંત્રણા માટે ૭ શરતો મૂકી, જે ન સ્વીકારાય તો નિર્ણાયક યુદ્ધની ચીમકી આપી છે. આથી ટ્રમ્પ કેમ્પ ડેવિડનો આરામ છોડી વ્હાઈટ હાઉસ પરત ફર્યા છે. અમેરિકાએ પશ્ચિમ એશિયાના દુતાવાસોને હાઈ એલર્ટ પર મુક્યા છે, અને નાગરિકોને સતર્ક રહેવા જણાવ્યું છે. રશિયાએ અમેરિકી બોમ્બર પશ્ચિમ એશિયા તરફ રવાના થયાનું જણાવ્યું.પશ્ચિમ એશિયાની અસ્થિર સ્થિતિ ફરી ઉકળવા લાગી છે. બંને તરફ યુદ્ધની તૈયારીઓ ચાલી રહી છે. પરિસ્થિતિ કેટલી ગંભીર બની રહી છે તેનું ઉદાહરણ પ્રમુખ ટ્રમ્પ કેમ્પ ડેવિડ સ્થિત આરામગૃહમાં સપ્તાહાંતનો આરામ છોડી એકાએક વ્હાઈટ હાઉસ પાછા ફર્યા છે, તે ઉપરથી મળી રહે છે. શનિવારે (સ્થાનિક સમય મુજબ) તેઓ કેમ્પ ડેવિડમાં માત્ર રાત્રી રોકાણ જ કર્યું હતું ત્યાંથી એકાએક આરામ છોડી સવારે વૉશિંગ્ટન જવા રવાના થઈ ગયા હતા.કારણ તે હતું કે ઈરાને મંત્રણા ફરી શરૂ કરવા માટે સાત શરતો મુકી છે. સાથે ચેતવણી આપી છે કે જો તે નહીં સ્વીકારાય તો તે નિર્ણાયક યુદ્ધ માટે તૈયાર છે. ઈરાનના સિક્યુરીટી ચીફ મોહસીન રેઝીઓ એ અલ જજીરાને જણાવ્યું હતું કે અમો મધ્યસ્થી કતારના સતત સંપર્કમાં છીએ. તેણે અમારી શરતો વૉશિંગ્ટનને મોકલી આપી છે. તે શર્તો યુદ્ધ બંધ કરવા સંબંધી છે. તેમાં એક તો દરેક મોર્ચે યુદ્ધ બંધ કરવું, ઈરાનની જપ્ત મિલકતો છૂટી કરવી અને ઈરાન ફરતી રખાયેલી નૌકા ઘેરાબંધી દૂર કરવી.ઈરાનની આ શર્તો મળ્યા પછી લગભગ તુર્ત જ પશ્ચિમ એશિયા વિસ્તારમાં રહેલાં તમામ રાજદૂતવાસોએ હાઈ સિક્યુરિટી એલર્ટ ઉપર મુકી દેવાયા છે. તેમજ ઈરાક, બહેરિન, ઓમાન, સઉદી અરબ, કતાર, લેબેનોન, કુવૈત તથા જોર્ડન સ્થિત અમેરિકોને સતત સતર્ક રહેવા જણાવી દેવાયું છે.બીજી તરફ ઈરાન સમર્થિત હૂથીઓએ સઉદી અરબ સામે મોર્ચો ખોલી દીધો છે. આ યુદ્ધ વધુ વકરવાની પૂરી સંભાવના દેખાઈ રહી છે. સઉદી અરબ જતા કે ત્યાં રહેલા અમેરિકનોને સતત સતર્ક રહેવા દૂતાવાસોએ સૂચનો આપી દીધાં છે. તેમજ એરપોર્ટ અધિકારીઓનો સંપર્ક કરી વિમાન સેવાઓની પરિસ્થિતિ વિષે સંપૂર્ણ માહિતી મેળવવા કહ્યું છે. માત્ર પશ્ચિમ એશિયા સ્થિત અમેરિકી દૂતાવાસો કે અમેરિકનોને સાવચેત રહેવા પૂરતી જ વાત હવે, રહી નથી. હવે સૌથી વધુ ભીતિ તો દુનિયાભરમાં રહેલાં અમેરિકી દૂતાવાસો તથા દુનિયામાં કોઈપણ સ્થળે રહેલા અમેરીકનોની સલામતી પર ખતરો તોળાઈ રહ્યો છે.

# હવે તમારો વારો છે : મક્કા-કરારો પાક માટે ઉપાધિરૂપ બન્યા : હૂતીએ ધમકી આપી

મક્કા સમજૂતી બાદ પાકિસ્તાનની મુશ્કેલીઓ વધી છે. સાઉદી અરબ પર હૂતીઓના હુમલા પ્રત્યે નિષ્ક્રિયતા બદલ ટીકા થઈ રહી છે. ૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સાઉદી અરબ, પાકિસ્તાન અને તુર્કી વચ્ચે થયેલ સમજૂતી મુજબ, કોઈપણ એક દેશ પર હુમલો ત્રણેય પર હુમલો ગણાશે. હૂતીઓએ પાકિસ્તાન અને તુર્કીને પણ હુમલાની ધમકી આપી છે. પાકિસ્તાન શાંતિદૂત બનવામાં નિષ્ફળ ગયું છે.મક્કા સમજૂતી કર્યા પછી પાકિસ્તાનની મુશ્કેલીઓ વધી ગઈ છે. પહેલી વાત તો તે છે કે, સઉદી અરબ ઉપર હૂતીઓએ કરેલા હુમલા પ્રત્યે, નિષ્ક્રીયતા રાખવા માટે દુનિયાભરમાં તેની ટીકા થઈ રહી છે. બીજી તરફ હૂતી વિદ્રોહીઓએ પાકિસ્તાન પર પણ હુમલો કરવાની ધમકી આપી છે.અમેરિકાના પૂર્વ સંરક્ષણ સલાહકાર લેફ્ટેનન્ટ જનરલ એચ.આર.મેકસાસ્ટરે કહ્યું કે મક્કા-પેક્ટની પાછળ પણ પાકિસ્તાનના ઈરાદા સાફ નથી. એ રીતે સર્વવિદિત છે કે ૭ મી ઓગસ્ટ, ૨૦૨૬ ના દિવસે સાઉદી અરબસ્તાન, પાકિસ્તાન અને તૂર્કીએ એ એક સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા. તે સમજૂતી (કરારો) પ્રમાણે, ત્રણમાંથી એક પણ દેશ ઉપર હુમલો થાય તો તે ત્રણે દેશો ઉપર થયેલા હુમલા બરાબર માનવામાં આવે અને ત્રણેએ તે ઉપર પ્રતિક્રિયા આપવી જ પડે. તૂર્કીએ તે કહ્યું કે નાટોના ઢાંચા પ્રમાણે બનાવેલા આ કરારો ઈસ્લામિક નાટો કહી શકાય.અત્યારે સાઉદી અરબમાં તૂર્કી અને પાકિસ્તાનની સેનાઓ પણ હાજર રહી છે તેથી હૂતીએ તે બં દેશોને હૂમલાની ધમકી આપી છે. હૂતી નેતા અલ્-બુખૈનીએ કહ્યું કે, યમન હજી સુધી રક્ષણાત્મક રૂખ રાખી રહ્યું છે. પરંતુ જો પાકિસ્તાન અને તૂર્કી પણ મેદાનમાં આવે તો, તેમને માટે તે યોગ્ય નહી બને. યમન કોઈપણ વિદેશી તાકાતની દખલ સ્વીકારશે નહીંઅમેરિકા અને ઈરાન વચ્ચે સમજૂતી કરાવવા અને ક્રેડીટ લૂંટવાની પાકિસ્તાને પૂરી કોશિશ કરી હતી, પરંતુ તે ફેલ થઈ. શાંતિદૂત બનવાના પણ પાકિસ્તાનના પ્રયાસો નિષ્ફળ ગયા. મક્કા-સમજૂતી કરી. એકવાર ફરી પોતાની વિદેશનીતિની તેજસ્વીતા દર્શાવવા કોશીશ કરી પરંતુ તેમાં પણ તે ફેલ થતું દેખાય છે.બીજી તરફ હૂતીઓએ સાઉદી અરબનાં પાટનગર રિયાધને બેલાસ્ટિક મિસાઈલથી નિશાન બનાવવા પ્રયત્ન કર્યો તેણે ઈરાન સમર્થિત અન્ય વિદ્રોહીઓની સાથે મળી રિયાધ ઉપર હુમલો કરવા પ્રયત્ન કરી એક નવો મોર્ચો ખોલ્યો છે. પાકિસ્તાનની નિષ્ક્રિયતા તેમાં છતી થઈ ગઈ છે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGSS:-226**
વિષય:- ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ?
શીર્ષક:-ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ - એક આધ્યાત્મિક દર્શન:-
રચના:ગદ્ય શબ્દો:૩૫૦

ભાદરવી પૂનમ એ આકાશમાં ખીલતા ચંદ્રનો ઉત્સવ નથી, તે આત્મામાં ખીલતા પ્રકાશનો ઉત્સવ છે. વેદ કહે છે - 'ચંદ્રમા મનસો જાતઃ' ચંદ્ર એટલે મન. અમાસ એટલે અંધારું મન, વાસના અને અહંકારથી ઘેરાયેલું મન. પૂનમ એટલે પૂર્ણ મન, પ્રકાશિત મન. ભાદરવી પૂનમ એ મનની અમાસ માંથી પૂનમ તરફની યાત્રા છે. ભાદરવો એટલે ભદ્ર, એટલે કલ્યાણકારી. જે માસ જીવને કલ્યાણના માર્ગે વાળે તે ભાદરવો.

આ પૂનમની ચાંદની શીતળ છે, કારણ કે તે કરુણાની ચાંદની છે. સૂર્યનું તેજ તપાવે છે, ચંદ્રનું તેજ ટાઢક આપે છે. પરમાત્માનું જ્ઞાન પણ આવું જ છે. તે દલીલ નથી કરતું, દાહ નથી આપતું, તે માત્ર શાંત કરે છે. જીવ જ્યારે સંસારના ત્રિતાપથી થાકે છે, કામ, ક્રોધ અને લોભથી બળે છે, ત્યારે આ જ શીતળ ચાંદની તેને આશ્રય આપે છે. આ ચાંદની બહારથી આવતી નથી, તે અંદરથી પ્રગટે છે. જ્યારે અંતઃકરણ નિર્મળ થાય ત્યારે જ આ પ્રકાશ ઝીલાય છે.

ભક્તિભાવ એ આ ચાંદનીને ઝીલવાનું પાત્ર છે. ભક્તિ એટલે માગવું નહીં, ઓગળી જવું. જેમ ચંદ્ર પાસે પોતાનો પ્રકાશ નથી, તે સૂર્યનો પ્રકાશ ઝીલીને પ્રકાશે છે, તેમ જીવ પાસે પોતાનું તેજ નથી, તે શિવનું, શક્તિનું તેજ ઝીલીને જીવે છે. ભાદરવી પૂનમે અંબાજી તરફ જતી પદયાત્રા એ પગની યાત્રા નથી, તે અહંના વિસર્જનની યાત્રા છે. દરેક પગલે 'હું' ઓગળે છે અને 'તું' પ્રગટે છે. છાલા પગમાં પડે છે પણ પ્રકાશ હૃદયમાં પડે છે.

અંબાજી એટલે આદ્યશક્તિ, મૂળ ચેતના. આરાસુરનો ડુંગર એટલે આપણી કરોડરજ્જુ અને શક્તિપીઠ એટલે મૂલાધારમાંથી સહસ્રાર સુધીની જાગૃતિ. ભક્ત જ્યારે 'બોલ માડી અંબે જય જય અંબે' બોલે છે, ત્યારે તે બહારની દેવીને નહીં, અંદર સૂતેલી કુંડલિની શક્તિને જગાડે છે. ભાદરવી પૂનમની રાત્રે જ્યારે બહારનો ચંદ્ર પૂર્ણ હોય અને અંદરનો મનરૂપી ચંદ્ર પણ શ્રદ્ધાથી પૂર્ણ હોય, ત્યારે જીવ અને શિવ વચ્ચેનો ભેદ ભૂંસાઈ જાય છે.

એટલે જ આ પૂનમ ભોગની નથી, યોગની છે. તે મેળાની નથી, મિલનની છે. બહારની ચાંદની તમને રસ્તો બતાવે છે, અંદરની ભક્તિ તમને મુકામ આપે છે. જેના હૃદયમાં એકવાર ભાદરવી પૂનમની આ આધ્યાત્મિક ચાંદની ઉતરી છે, તેને કદી અંધારું નડતું નથી. તે જાણી જાય છે કે હું દેહ નથી, હું તો તે પૂર્ણ ચંદ્ર જેવો સાક્ષી આત્મા છું - નિર્મળ, પૂર્ણ અને શાશ્વત.

ભાદરવા માસની પૂનમના દિવસથી પિતૃ શ્રાદ્ધના દિવસોની શરૂઆત થાય છે. પિતૃઓને તૃપ્ત કરવાની પરંપરા શરૂ થાય છે.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ' ( અમેરિકા)
★★★★★★

**NOG SS NO 166**
વિષય :-ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શીર્ષક :- ભક્તિભાવ નો મેળો
પ્રકાર :- પદ્ય શબ્દો :-૭૭

ભાદરવી પૂનમની ચાંદની, રેલાવે છે અમૃતધાર,
રૂપેરી કિરણો લઈને લાવ્યો રળિયામણો શણગાર.

નભમાં ચમકે તારલાં, ભક્તિના દીવડા પ્રગટ્યા,
હૃદયના દરિયામાં શ્રદ્ધાના હરખથી પૂર ઊમટ્યાં.

અંબામાના ધામે ખીલ્યો માનવતાનો દિવ્ય મેળો,
ચરણે શીશ નમાવવા ભક્ત શ્રદ્ધા પૂર્વક દોડ્યો.

રેશમી શણગાર સજીને રાત આવી છે મલકાતી,
અંબે માના જયકારાથી ચારે દિશાઓ હરખાતી.

પદયાત્રીઓના પગલે સાંપડે ભક્તિનો મીઠો થાક,
માતાજીની કૃપાથી દૂર થાય સૌ જીવનના સંતાપ.

ચંદન સમી શીતળતા વરસે, સ્મરણમાં હેયું ઝૂમે,
'મુરલી' મધુર ધૂન છેડીને અંબાજીને મસ્તક નમાવે.

રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જૂનાગઢ)
સ્ર★★★★★★

**NOG SS NO 167**
વિષય:"ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ"
શિર્ષક:"આદ્યશક્તિ અર્ચન"
પ્રકાર:ગદ્ય
શબ્દો:૩૪૨

ભાદરવી પૂનમ એ હિન્દુ ધર્મમાં અને ખાસ કરીને ગુજરાતમાં અંબાજી શક્તિપીઠનું ભક્તિનું સૌથી મોટું અને પવિત્ર મહાપર્વ છે.અનેક પદયાત્રીઓ દૂર દુરથી પદયાત્રા કરીને માતાજીના દર્શને આવે છે.કોઈ કોઈ પદયાત્રી સમૂહ માતાજીને ચડાવવા માટે ધજા લઈને પણ આવે છે.અંબાજીમાં જાણે ભક્તિનો સાગર હિલોળા લેતો હોય એવું વાતાવરણ હોય છે.

પૂનમ તો દર માસે આવે છે પણ ભાદરવી પૂનમનું વિશેષ મહત્વ હોય છે ખાસ કરીને ધાર્મિક સ્થળોમાં.ભાદરવી પૂનમના દિવસે નવરાત્રીની પૂર્વસંધ્યા જેવું વાતાવરણ સર્જાય છે.તેનું કારણ છે કે આ પૂનમ શરદ કે આસો નવરાત્રીના આગમન પહેલાં આવે છે, જેથી સમગ્ર ગુજરાતમાં ભક્તિનો માહોલ છવાઈ જાય છે.લોકોમાં અનેરા આનંદ ઉત્સાહ દેખાય છે.

ભાદરવી પૂનમનું ધાર્મિક અને આધ્યાત્મિક મહત્વ એટલે હોય છે કે આ દિવસને અંબાજીમાં મા અંબાજીનાં પ્રાગટ્ય દિવસ તરીકે પણ ઉજવાય છે.
આ દિવસે મા અંબાની વિશેષ પૂજા-અર્ચના કરવાથી ભક્તોના તમામ સંકટો દૂર થાય છે અને મનોવાંછિત ફળ મળે છે એવી લોકોમાં ભાવના હોય છે.

અંબાજીમાં ભાદરવી પૂનમનો મહામેળો થાય છે.અનેક વિસ્તારમાંથી લોકો મેળાની મજા માણવા અને મા અંબાજીના દર્શન કરવાં અંબાજીધામ આવે છે. પગપાળા સંઘ (પદયાત્રા) આ મેળાનું સૌથી મોટું આકર્ષણ હોય છે. ગુજરાતભરમાંથી લાખો ભક્તો દૂર-દૂરથી ચાલીને (પગપાળા) અંબાજી માતાના દર્શનાર્થે પહોંચે છે.રસ્તામાં ભક્તો માટે સેવાશિબિરો ધમધમતી હોય છે, જે શ્રદ્ધા, પ્રેમ અને માનવતાનો અનોખો સંગમ દર્શાવે છે.લોકોનું હોંશે હોંશે સ્વાગત કરે છે.અંબાજીનું નામ આવે એટલે ભાદરવી પૂનમ અને પગપાળા સંઘ આપોઆપ તેની સાથે જોડાઈ જાય.

અનેક શ્રધ્ધાળુ પોતાનું વાહન લઈને આવે છે.તેમના વાહનો માટે વિશાળ પાર્કિંગ સુવિધા પણ ઊભી કરાઈ હોય છે.લાખો પદયાત્રીઓ અને ભક્તો માટે રેસ્ટ શેલ્ટર, ફ્રી ફૂડ શેલ્ટર, વોટર પેગોડા તેમજ મેડિકલ સેન્ટર્સ કાર્યરત છે. આ દિવસે અંબાજીમાં હેયે હેયું દળાતું હોય છે.લાખો શ્રદ્ધાળુઓ માટે રાજ્ય સરકાર સલામતી, સ્વચ્છતા અને સુગમ દર્શનની વ્યવસ્થા કરે છે.પ્રશાસન બધી રીતે કાર્યરત હોય છે.

મા અંબાની આરાધના માટે ભાદરવો મહિનો અને ખાસ કરીને ભાદરવી પૂનમનો દિવસ મા આદ્યશક્તિ જગતજનની અંબાજીની પૂજા અને અર્ચના માટે સર્વોત્તમ માનવામાં આવે છે. કારણ કે અંબાજી એ ૫૧ શક્તિપીઠોમાંની એક છે, જ્યાં માતા સતીનું હૃદય પડ્યું હોવાની ધાર્મિક માન્યતા છે. ભાદરવી પૂનમના દિવસે અહીં દર્શન કરવાનું વિશેષ પુણ્ય અને મહત્વ છે.

નરેન્દ્ર ત્રિવેદી(ભાવનગર)
★★★★★★★

**NOGSS NO : 158**
વિષય:ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શીર્ષક: માંને મળવાનો ઉન્માદ
પ્રકાર:પદ્ય શબ્દો:૧૦૫

ભાદરવા સુદ પૂનમ
માં અંબાની પૂર્ણિમા,
સોળે કળાએ ખીલે છે મધુર ચાંદની ચંદ્રમાં!

ભાદરવી પૂનમની ચાંદની અમૃત વરસાવે,
માં અંબાના ભક્તિ ભાવની યાદ અપાવે!

માં અંબાનો મેળો ભરાય ઉભરાતાં જન જન,
ભક્તિભાવ થકી લોકો તણાં ભીંજાય તન મન!

રસ્તા પર ભક્તોની ભીડ માંને મળવાનો ઉન્માદ,
હાથમાં ધજા માંડવી અને જય જય અંબેનો નાદ!

વદ અને સુદ એ તો આંખોનો છે આભાસ,
જેના માથે માં અંબેનો હાથ એને કાયમ ઉજાસ!

'પ્રેમ'ભક્તોના દુઃખ મિટાવો દુષ્ટોનો કરો સંહાર,
અસુર શક્તિઓ દૂર કરો વંદન કરું વારંવાર!

શ્રી પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ'
(આદરીયાણા- સુરેન્દ્રનગર)
★★★★★★★

**NOG SS No. 416**
વિષય : ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શિર્ષક : માઁ ની આરાધના
પ્રકાર : પદ્ય
શબ્દો : ૧૩૨

માઁ ની આરાધના
માઁ અંબે,
આજ ભાદરવી પૂનમની ચાંદની રાતે,
મન, વચન ને કર્મથી તારાં આંગણે,
માઁ, આજ મારું હૃદય અહીં જાગે રે.

માઁ તારાં આંગણે ભાદરવી પૂનમની
ચાંદનીનો રૂપેરી, શીતળ ઉજાશ જ
કરે મને તારાં
આભાર - નિહારીકા રવિયા દર્શનનો અભિલાષી!

માઁ અંબે,
આજ ભાદરવી પૂનમની ચાંદની રાતે,
મન, વચન ને કર્મથી તારાં આંગણે,
માઁ, આજ મારું હૃદય અહીં જાગે રે.

થાઉં છું હું ધન્ય માઁ કરી દર્શન તારાં,
ન અભિલાષા કોઈ મારાં હૃદયે જાગે,
હું તો તારાં આશીર્વાદનો અભિલાષી!

માઁ અંબે,
આજ ભાદરવી પૂનમની ચાંદની રાતે,
મન, વચન ને કર્મથી તારાં આંગણે,
માઁ, આજ મારું હૃદય અહીં જાગે રે.

કોણ શું માંગે તારાં પાસે હું ન એ જાણું,
હું તો ન ધન દૌલત ને સંતાન, માઁ માંગું,
શક્તિ, સામર્થ્ય ને તુજ કૃપાનો અભિલાષી!

માઁ અંબે,
આજ ભાદરવી પૂનમની ચાંદની રાતે,
મન, વચન ને કર્મથી તારાં આંગણે,
માઁ, આજ મારું હૃદય અહીં જાગે રે.

મહેન્દ્ર પટેલ ''ક્ષિતિજ''
નાસિક
★★સ્ર★★સ્ર★

**NOG SS NO : 414**
વિષય : ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શીર્ષક : પૂનમની રાત
પ્રકાર : પદ્ય ( ગરબો )
શબ્દો : ૮૬

કે આજ ગગનથી ચાંદની વેરાય રે,
સહિયર આવી ભાદરવી પૂનમની રાત,
માં ના મંદિરીયે. માના મંદિરીયે
માં ના મંદિરીયે ધજાયું લહેરાય રે,
સહિયર આવી ભાદરવી પૂનમની રાત.
હે માં તુ રૂપનો અંબાર,
તારા રૂપનો નહી પાર
સજી શોળ શણગાર
આવે સિંહ અસવાર.
માં ના દર્શનની. માં ના દર્શનની,
માં ના દર્શનની લાગી લગન રે,
સહિયર આવી ભાદરવી પૂનમની રાત.
હે અજવાળા પથરાયા,
ચાચર ચોકમાં,
ને દીવડા ઝળહળીયા ,
ગબ્બરના ગોખમાં.
આજે અવની પર. આજે અવની પર,
આજે અવની પર ચાંદની રેલાય રે
સહિયર આવી ભાદરવી પૂનમની રાત.
અનિલ શ્રીમાળી - દહેગામ

# ભાદરવો સ્પેશિયલ : સ્વર્ગમાં ટિફિન સર્વિસ નથી! (સંત સુરા)

શ્રદ્ધાસભર શ્રાદ્ધપક્ષ અને પિતૃ તર્પણનો ભાદરવો મહિનો આવ્યો એટલે સોસાયટીમાં બે બોર્ડ લાગી જાય.

એક - "પિતૃ શ્રાદ્ધ માટે સંપર્ક કરો, યોગ્ય બ્રાહ્મણ મળશે"
બીજું - "જેલમાં કેદીઓ માટે ઘરનું ટિફિન પહોંચાડવાની સગવડ છે"

બીજું બોર્ડ વાંચીને હસવું આવે, પણ વાત સાચી છે. સરકારે વ્યવસ્થા કરી છે કે કેદીને ઘરનું ટિફિન મળે. કારણ કે કેદી અહીં જ છે, હાજર છે, તેને ખરેખર ભૂખ લાગે છે.

પણ આપણા પિતૃઓ? તે તો સ્વર્ગમાં છે. ત્યાં કોઈ ટિફિન સર્વિસ નથી.

શ્રાદ્ધનું ગણિત

જીવતા હતા ત્યારે બાપુજીને ક્યારેય પૂછ્યું નહીં - "બાપુજી શું ખાવું છે?" ત્યારે તો કહેતા - "એ તો ઘરડો માણસ છે, જે આપો તે ખાઈ લેશે." રોટલી વધી હોય તો પણ ચાલે.

અને હવે ભાદરવામાં પંડિતજીને બોલાવીને, કાગડાને બોલાવીને કહીએ છીએ - "બાપુજી આવો, ભોજન કરો. પૂરી, શાક, ખીર, લાડુ, બાસુંદી."

જીવતા હતા ત્યારે ઘરમાં એક રૂમ ના આપ્યો, સાસરિયામાં આડો-અવળો સંભળાવ્યું, અને હવે સ્વર્ગમાં આખી થાળી મોકલવી છે.

મારા પોતાના પરદાદા યાદ આવે છે. આખી જિંદગી બીડીનું બંડલ ખિસ્સામાં અને સાંજ પડે દેશીની નાની પોટલી - એ જ તેમનો સહારો. અમે નાના હતા, દોડીને બીડી લાવી આપતા. તે બે કસ ખેંચે એટલે આખો દિવસ ટકે.

હવે વિચાર કરું છું, શ્રાદ્ધની થાળીમાં ઘી ના લાડુ તો મૂકું છું, પણ તેમની વહાલી બીડી કેમ મૂકવી? કાગડો ક્યાં બીડી પીશે? જે માણસને આખી જિંદગી કડક અને તીખું ભાવ્યું, તેને હવે મીઠા લાડવાથી સંતોષ થશે?

આ વિચારે મેં ગઈકાલે મજાકમાં સ્વીગી-ઝોમેટો પર સર્ચ માર્યું. એડ્રેસમાં લખ્યું - "સ્વર્ગ, ત્રીજો માળ." સામેથી જવાબ આવ્યો - "સોરી, સ્વર્ગમાં ટિફિન પહોંચાડવાની અમારી મના છે."

વાત જ પૂરી થઈ ગઈ.

તર્પણની ટેકનોલોજી

તર્પણ વિધિ ચાલે છે. ધોતીયું પહેરી, લોટો લઈને મંત્ર બોલાય છે. પાણી અહીં આંગણામાં ઢોળાય છે અને તરસ ત્યાં સ્વર્ગમાં છીપાવવી છે. વાહ રે ટેકનોલોજી! વાઈફાઈ વગરનું બ્લૂટૂથ કનેક્શન.

કેદીનો ટિફિન ચેક થાય છે. પોલીસ જુએ છે, શું છે? રોટલી, શાક, અથાણું. ટાઈમ પર પહોંચે છે, કેદી જમે છે, તેને સંતોષ થાય છે. તે સહી કરે છે - ટિફિન મળ્યું. પ્રૂફ છે.

પણ સ્વર્ગના ટિફિનનો કોઈ પ્રૂફ નથી. કોઈ્ નથી. કાગડો આવ્યો, થાળીમાંથી રોટલી લઈ ગયો એટલે માની લેવાનું કે પાર્સલ પહોંચી ગયું, બાપુજી જમી લીધા.

સાચો કટાક્ષ

સાચો કટાક્ષ એ છે કે આપણને જીવતા માણસની ભૂખ દેખાતી નથી, પણ ગયેલા માણસની ભૂખ બહુ દેખાય છે.

બાજુમાં રહેતી વિધવા માઁ બે દિવસથી ખીચડી પર છે, તેના માટે કોઈ ટિફિન નથી. પણ સ્વર્ગમાં બેઠેલા બાપુજી માટે ત્રણ ટાઈમના મેનુનું આયોજન છે.

ભાદરવો એટલે પિતૃઓનું ઋણ યાદ કરવાનો મહિનો. ઋણ છે તે સાચું, પણ ઋણ ચૂકવવાનો રસ્તો તર્પણ નથી, સેવા છે.

જીવતા માઁ બાપને ટાઈમ પર ટિફિન આપો, ગરમ રોટલી આપો, જે ગમે તે આપો. સ્વર્ગમાં આપોઆપ પહોંચી જશે. ત્યાં અલગથી સ્વીગી-ઝોમેટો કરવાની જરૂર નથી.

કારણ કે સ્વર્ગમાં ખરેખર ટિફિન સર્વિસ નથી, પણ તમારા ઘરમાં બેઠેલી ભૂખી માઁ ને ટિફિનની જરૂર છે! "ૐ પિતૃભ્યઃ નમઃ"!
સંત સુરા. સુનિલ બર્મન.સુરત

## સેવાસેતુ ૨.૧' કાર્યક્રમ, જિલ્લો ડાંગ

# તા.૨૧ મી સપ્ટેમ્બરનાં રોજ ડાંગ જિલ્લા પ્રમુખશ્રી રાજેશભાઈ ગામીતના અધ્યક્ષસ્થાને ધવલીદોડ ગામે 'સેવા સેતુ' કાર્યક્રમનો પ્રારંભ કરાયો

આહવા: તા: ૨૧: રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાજનોને સતત મળતો રહે, અને વહીવટમા કાર્યક્ષમતા, પારદર્શિતા, સંવેદનશીલતા તથા જવાબદારીપણુ સુનિશ્ચિત કરતા 'સેવા સેતુ ૨.૧' તબક્કાનો, રાજ્ય સમસ્તની જેમ ડાંગ જિલ્લામા પણ તા.૧૯ મી સપ્ટેમ્બરથી પ્રારંભ કરવામાં આવ્યો છે.




આ કાર્યક્રમના અનુસંધાને આજરોજ આહવા તાલુકાના ધવલીદોડ પ્રાથમિક શાળા ખાતે ડાંગ જિલ્લા પ્રમુખશ્રી રાજેશભાઈ ગામીતના અધ્યક્ષ સ્થાને સેવા સેતુ ૨.૧ (ગ્રામ્ય) કાર્યક્રમ યોજાયો હતો. આ સેવા સેતુ ૨.૧ કાર્યક્રમમાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના, પ્રાધનમંત્રી આયુષ્યમાન કાર્ડ, વ્હાલી દીકરી વધામણા કીટ, માતૃશક્તિ વગેરેનું લાભાર્થીઓને મહાનુભાવો દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું.તેમજ સરકારના જુદાં જુદાં વિભાગની કુલ ૫૫ થી વધુ યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ લાભાર્થીઓને આપવામા આવી રહ્યો છે.

આ પ્રસંગે શ્રી રાજેશભાઈ ગામીતે જણાવ્યુ હતું કે, છેવાડાના લોકો સુધી જન કલ્યાણકારી યોજનાઓ પહોચાડવા સરકારશ્રીએ સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ કર્યો છે. સેવા સેતુના કાર્યક્રમમા લોકોને એક જ સ્થળે સરકારી જન કલ્યાણકારી યોજનાઓના સરળતાથી લાભો મળે છે, અને આ કાર્યક્રમમા લોકો આશાઓ લઈને આવતા હોય છે ત્યારે તેઓની આશા પુરી કરવા અને યોજનાઓનો લાભ આપવા સરકારી અધિકારી/ કર્મચારીઓને શ્રી ગામીતે આહવાન કર્યુ હતુ.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ દંડક અને ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યુ હતું કે, સરકાર અને પ્રજા વચ્ચે સેતુ બાંધવાનો કાર્યક્રમ, જે સેવા સેતુ કાર્યક્રમ છે.

# ગઢડા ગોપીનાથજી મંદિરમાં જળઝીલણી એકાદશીની ભવ્ય ઉજવણીઃ પૂજન-અર્ચન બાદ સદીઓ જૂની પરંપરા મુજબ ભક્તરાજ દાદા ખાચરના વંશજોના ઘરે ઠાકોરજી પધાર્યા



ગઢડા (બોટાદ):સુપ્રસિદ્ધ યાત્રાધામ ગઢડા સ્થિત શ્રી ગોપીનાથજી દેવ મંદિર ખાતે ભાદરવા સુદ અગિયારસ એટલે કે જળઝીલણી એકાદશીના પાવન પર્વની હર્ષોલ્લાસ અને ભક્તિસભર માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ભગવાન શ્રી ગોપીનાથજી દેવની ભવ્ય પાલખી યાત્રા (શોભાયાત્રા) કાઢવામાં આવી હતી.મંદિરમાં વિશિષ્ટ પૂજન-અર્ચન કર્યા બાદ ઠાકોરજીની પાલખી યાત્રા ભગવાન સ્વામિનારાયણના પરમ ભક્ત ભક્તરાજ દાદા ખાચરના વંશજોના નિવાસસ્થાને (દરબારગઢ) પધારી હતી. ભગવાન અને ભક્તના સદીઓ જૂના અણમોલ સ્નેહ સંબંધને જીવંત રાખતી આ પરંપરા અંતર્ગત દાદા ખાચરના વંશજો દ્વારા ઠાકોરજીનું કુમકુમ તિલક, પુષ્પવર્ષા અને ભવ્ય આરતી ઉતારી ભાવભીનું સ્વાગત અને વિશેષ પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર દરબારગઢ ભક્તિમય માહોલમાં ગરકાવ થઈ ગયો હતો.દરબારગઢ ખાતે પધરામણી અને આરતી બાદ ઠાકોરજીની શોભાયાત્રા પવિત્ર ઘેલો નદીના રમા ઘાટ ખાતે પહોંચી હતી. જ્યાં શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે ભગવાનને નૌકાવિહાર (નાવડી સવારી) કરાવી, જળાશયમાં ગણેશજી અને ઠાકોરજીના પ્રતીક સ્વરૂપને જળઝીલણી (સ્નાન) કરાવવામાં આવ્યું હતું.મંદિરના ચેરમેન, કોઠારી સ્વામી અને સંતો-મહંતોની નિશ્રામાં યોજાયેલા આ દિવ્ય ઉત્સવમાં કીર્તન-ધૂન અને જયઘોષ સાથે સમગ્ર ગઢડા નગરી સ્વામિનારાયણમય બની ગઈ હતી.

અહેવાલ કનુભાઈ ખાચર



શ્રીબાજખેડાવાળ,યુવાસમાજ,,લઘુરુદ્ર, પ્રાયોજક,સમિતી। દ્વારા તારીખ ૨૦ ૯ ૨૬ રવિવાર ના રોજ સમૂહ ગણેશ યજ્ઞનો આયોજન કરવામાં આવેલ જેમાં ઉમરેઠ સુરત આણંદ નડિયાદ અમદાવાદ થી જ્ઞાતિજનો યજ્ઞમાં ભાગ લીધેલ દિવસ દરમિયાન પૂજન અર્જન લાભ લીધેલો આજે પૂર્ણાહુતિ, પ્રસંગે ઉમરેઠ સંતરામ મંદિરના મહંત શ્રી નિર્ગુણદાસજી મહારાજ ના હસ્તે સર્વ જ્ઞાતિજનો એક પૂર્ણાહુતિ,કરી આરતી કરી અને અંતે મહારાજ શ્રી ના આશીર્વાદ મેળવી બહુ ઉપસ્થિત જ્ઞાતિ જેનું યજમાન હોય મહાપ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી યજ્ઞના ના મુખ્ય આચાર્ય ભીખુભાઈ જોશી સાથે બ્રાહ્મણ વૃંદ કાર્યક્રમની સફળ બનાવવા માટે ભીખુભાઈ જોશી ભરતભાઈ ઠાકર કુમુદભાઈ પંડ્યા તરંગભાઈ દવે વગેરે વગેરે જ્ઞાતિજનો હાજર રહી આનંદ મેળવેલ હતો

## જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા જાયન્ટ્સ વીક નિમિત્તે પાળીયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ ખાતે આજે ૪૦૦૦ કિલો(૨૦૦ મણ) ઘાસચારો નાખવામાં આવ્યો

આંતરરાષ્ટ્રીય સેવા સંસ્થા જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન સંલગ્ન સંસ્થા જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા બોટાદ શહેરની દુકાનોમાં ગાયોના ઘાસચારા માટે એક ગલ્લો રાખવામાં આવે છે જેનું સંચાલન ગ્રુપના સભ્યો દ્વારા કરી સમયાંતરે એમાંથી ગાયોને ઘાસચારો નાખવામાં આવે છે એ અંતર્ગત આજે તા.૨૨/૯/૨૦૨૬ ને મંગળવાર ના રોજ પાળીયાદ મહાજન પાંજરાપોળ બાબરકોટ ગૌશાળા વસતી ગાયોને લગભગ ૪૦૦૦ કિલો (૨૦૦ મણ) અંદાજે ૨૦,૦૦૦ ની કિંમત નો ઘાસચારો આજે આપવામાં આવ્યો.

આ ઘાસચારા વિતરણ પ્રોજેક્ટ ગ્રુપ પ્રમુખશ્રી ડોક્ટર પ્રશાંતભાઈ કળથીયા, ફેડરેશન પૂર્વ પ્રમુખ કેતનભાઈ રોજેસરા, પાળીયાદ ગ્રુપના ખજાનચી કનુભાઈ ખાચર,તથા કનુભાઈ ધાધલ તથા નાગરભાઈ ગામી.ઉપપ્રમુખ દીપકભાઈ માથુકિયા,પૂર્વ પ્રમુખ લાલજીભાઈ કલથીયા,પ્રોજેક્ટ ચેરમેન વિજયભાઈ રોજસરા,રાજુભાઈ ડેરૈયા,ભાવેશભાઈ શેઠ,વિપુલભાઈ રોજેસરા,રાજુભાઈ રોજેસરા,મુકેશભાઈ જોટાણીયા,વીરેનભાઈ રાજગોર તથા સત્કર્મ ગ્રુપના સભ્યો અને પાળીયાદ મહાજન પાંજરાપોળ ટ્રસ્ટના સૌ કર્મચારીગણ હાજર રહી ગાયોને ઘાસચારા વિતરણ કરેલ...

અહેવાલ કનુભાઈ ખાચર

# સદવિચાર પરિવાર દ્વારા કિચન ગાર્ડન વર્ક શોપ નું આયોજન

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, ના ગ્રીન ગુજરાત ના સંદેશને સાકાર કરવા. તેઓના જન્મ દિવસ નિમિતે, ગુજરાતમાં ૭૬૦૦૦ હજાર ગ્રીન શાકભાજી ના રોપા નું વાવેતર ના અનુસંધાને, તાજેતરમાં સદવિચાર પરિવાર. સેટેલાઇટ, અમદાવાદ અને નાયબ બાગાયત નિયામક કચેરી, આયોજિત શહેરી બાગાયત ખેતી વર્ક શોપ, માં સદવિચાર પરિવાર ના મેનેજિંગ ટ્રસ્ટી, પૂર્વ સચિવ,શ્રી પી.કે.લહેરી, બાગાયત વિભાગના અધિકારી, ભરતભાઈ મોદી, ના હસ્તે પોતાના ઘરે તમામ શાકભાજીનું વાવેતર કરનાર, રાજ્ય અને રાષ્ટ્રીય પારિતોષિક શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા, જીતેન્દ્ર વાજા ને તાલીમ પ્રમાણપત્ર, ખાતર,શાકભાજીના રોપ અને ખૂરપી આપવામાં આવ્યા. હાલ



સદ વિચાર પરિવાર ના માધ્યમથી અમદાવાદ માં, પોતાના ઘરે, બાલ્કની કે ઘરની છત પર શાકભાજી વાવે તે માટે, માર્ગદર્શન અને રૂબરૂ જઈ મદદ કરી રહ્યા છે. શાકભાજીના પાકમાં જીવાંત ના નિયંત્રણ માટે ખેડૂતો દ્વારા વધુ પ્રમાણમાં ઝેરી દવાઓ છાંટવામાં આવે છે, જે ખોરાકમાં ઉપયોગમાં લેવાતાં, કેન્સરના દર્દીઓ નો દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. લોકો થોડી સમજ કેળવી, પ્રાકૃતિક રીતે પોતાના ઘરે, કુંડા અને છાબડી માં , પાલખ, કોથમીર, ફુદીનો, લસણ, આદુ, હળદર, મરચી, ટમેટા અને રીંગણ પણ વાવી શકે છે. અમદાવાદ ના લોકો હવે ગ્રીન પ્લાન્ટ ના બદલે ગ્રીન શાકભાજી વાવવા તરફ ,સદવિચાર પરિવાર ના માધ્યમથી આગળ વધી રહ્યા છે. દિન પ્રતિદિન લોકો આ કાર્યમાં જોડાઈ રહ્યા છે.

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક સ્કોર્પિયોએ ૧ ૨ પદયાત્રીઓને ઉલાળ્યાં

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક આવેલા દોલગઢ પાટિયા પાસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. અહીં પદયાત્રીઓ પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન પૂરઝડપે આવી રહેલી એક સ્કોર્પિયોએ ૧૦થી વધુ પદયાત્રીઓને અડફેટે લીધા હતા, જેને કારણે અફરાતફરી મચી ગઈ હતી. જેથી રોષે ભરાયેલા લોકોએ કારને આગચંપી કરી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, કાર ચાલકે પદયાત્રીઓને ટક્કર માર્યા બાદ વાહન રોકવાને બદલે સ્થળ પરથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ જોઈને રોષે ભરાયેલા સ્થાનિક લોકો અને પદયાત્રીઓએ તાત્કાલિક કારને રોકી લીધી હતી. ગુસ્સે ભરાયેલા ટોળાએ અકસ્માત સર્જનાર કારને આગ ચાંપી દીધી હતી, જેના કારણે કાર જોતજોતામાં ભડકે બળીને ખાખ થઈ ગઈ હતી. હાઈવે પર બેફામ વાહનોનો ત્રાસ ઘટનાસ્થળે ઉપસ્થિત લોકોના જણાવ્યા મુજબ, ફોરલેન હાઈવે પર ભારે અને બેફામ વાહનોની અવરજવર પર પ્રતિબંધ હોવા છતાં નિયમો નેવે મૂકીને વાહનો બેફામ દોડી રહ્યા છે. આ બેદરકારીના કારણે પદયાત્રીઓ અને સામાન્ય રાહદારીઓ સતત મુશ્કેલી અને જોખમનો સામનો કરી રહ્યા છે. પોલીસ અને ફાયર વિભાગનો કાફલો ઘટનાસ્થળે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જિલ્લા પોલીસ વડા (જીઁ), ડીવાયએસપી (ઢઅજીઁ) તેમજ ગ્રામ્ય પોલીસ, બી-ડિવિઝન પોલીસ અને એલસીબી (ન્ઝ્રમ્) નો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. આ ઉપરાંત, ફાયર ટીમ પણ ત્વરિત પહોંચીને કારમાં લાગેલી આગને કાબૂમાં લેવાના પ્રયાસો હાથ ધર્યા હતા. પોલીસે હાલ પરિસ્થિતિ પર કાબૂ મેળવીને આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# રેલવે ટ્રેક પર વાંદરાના ત્રાસથી મુક્તિઃ અમદાવાદ ડિવિઝન ૯.૧૫ કરોડના ખર્ચે ૩૦ હજાર થાંભલા પર લગાવશે ’એન્ટી ક્લાઈમ્બિંગ ડિવાઈસ’

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન દ્વારા ૩૦ હજારથી વધુ વીજ થાંભલાઓ પર ‘એન્ટી ક્લાઈમ્બિંગ ડિવાઈસ‘ અને ‘બર્ડ ડિટરન્ટ ડિસ્ક‘ લગાવવામાં આવશે. આ પાછળ ૯.૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. વાંદરાં ચડવાથી શોર્ટસર્કિટ અને ટ્રેનો મોડી પડતી અટકાવવા આ નિર્ણય લેવાયો છે. ગાંધીગ્રામ-બોટાદ રૂટ પર પ્રાયોગિક ધોરણે ૧૦૫૦થી વધુ ડિવાઈસ સફળ રહ્યા છે. આનાથી ટ્રેન સંચાલન નિયમિત થશે અને મૂંગા જીવોનું રક્ષણ પણ થશે.રેલવે ટ્રેક પર વાંદરાના ત્રાસથી મુક્તિઃ અમદાવાદ ડિવિઝન ૯.૧૫ કરોડના ખર્ચે ૩૦ હજાર થાંભલા પર લગાવશે ‘એન્ટી ક્લાઈમ્બિંગ ડિવાઈસ‘પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન દ્વારા ઓવરહેડ ઈક્વિપમેન્ટ(‘ઝ્રઁઈ) વીજ થાંભલાઓ પર વાંદરાં ચઢી જવાથી થતી શોર્ટસર્કિટ અને ટ્રેનો મોડી પડવાની સમસ્યાના કાયમી ઉકેલ માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ડિવિઝન દ્વારા આશરે ૩૦ હજારથી વધુ વીજ




થાંભલાઓ પર ‘એન્ટી ક્લાઈમ્બિંગ ડિવાઈસ‘ અને ‘બર્ડ ડિટરન્ટ ડિસ્ક‘ લગાવવામાં આવશે, જે પાછળ અંદાજે ૯.૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશેદર મહિને વીજ પુરવઠો ખોરવવાની ગંભીર સમસ્યાઅમદાવાદ ડિવિઝનમાં ૧૪૫૦ કિમીથી વધુ ઈલેક્ટ્રિફાઇડ રૂટ પર આશરે ૩૦ હજારથી વધુ ‘ઝ્રઁઈ થાંભલા આવેલા છે.ચાલુ વર્ષે અત્યાર સુધીમાં થાંભલા પર વાંદરાં ચઢી જવાની ૧૬૫થી વધુ ઘટનાઓ નોંધાઈ ચૂકી છે, એટલે કે દર મહિને સરેરાશ ૨૫થી ૩૦ વખત વીજ પુરવઠો ખોરવાય છે.વાંદરાંઓને કરંટ લાગવાથી મૃત્યુ થવાની સાથે વાયર તૂટવા અને શોર્ટસર્કિટના કારણે ટ્રેન વ્યવહાર કલાકો સુધી અટકી જવાની સમસ્યા સર્જાય છે.ગાંધીગ્રામ-બોટાદ રૂટ પર પ્રાયોગિક સફળતાઆ સમસ્યાના નિવારણ માટે ગાંધીગ્રામ-બોટાદ રેલ રૂટ પર પ્રાયોગિક ધોરણે ૧૦૫૦થી વધુ એન્ટી મંકી ડિવાઈસ લગાવવામાં આવ્યા હતા, જે અત્યંત સફળ સાબિત થયા છે.આ ડિવાઈસ લાગ્યા બાદ ઓવરહેડ ઈલેક્ટ્રિફિકેશન લાઈનને નુકસાન અને વીજ સપ્લાય ખોરવાવાની ઘટનાઓમાં ૫૦% સુધીનો ઘટાડો નોંધાયો છે.આ સફળતાને પગલે હવે ગાંધીગ્રામ-બોટાદ ઉપરાંત ધોળકા, પાલનપુર રૂટ તથા સાબરકાંઠા સેકશન જેવા સંવેદનશીલ વિસ્તારોમાં પણ આ કામગીરી વિસ્તારવામાં આવી રહી છે.

આ ડિવાઈસ કેવી રીતે કામ કરે છે?એન્ટી મંકી / ક્લાઈમ્બિંગ ડિવાઈસઃ આ લોખંડ, ધાતુ કે ફાઈબરની બનેલી ગોળાકાર અથવા શંકુ આકારની ડિસ્ક છે, જેને જમીનથી થોડા ઉપર થાંભલાના મધ્ય ભાગમાં ફિટ કરવામાં આવે છે. તેની લપસણી સપાટીને કારણે વાંદરાં ઉપર ચઢી શકતા નથી.બર્ડ ડિટરન્ટ ડિસ્કઃ પક્ષીઓ દ્વારા થાંભલા પર માળા બનાવવાથી કે સૂકી ડાળીઓ-કચરો ફેંકવાથી થતી શોર્ટસર્કિટ અટકાવવા માટે ખાસ સ્પાઈક્સ અને ડિસ્ક લગાવવામાં આવે છે.નવી સિસ્ટમથી થનારા મુખ્ય ફાયદાસમયસર ટ્રેન સંચાલનઃ ‘ઝ્રઁઈ ફોલ્ટ અને ટ્રીપિંગ ઘટવાથી ટ્રેનોનું સંચાલન નિયમિત અને સમયસર થશે. મુસાફરોની રાહતઃ મુસાફરો હવે જંગલ કે અવાવરૂ વિસ્તારોમાં કલાકો સુધી અટવાઈ પડવાની હાલાકીથી બચી શકશે.

# બી.વી.ડી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન



બી.વી.ડી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બાપુનગર, અમદાવાદ દ્વારા કોલેજ વુમન ડેવલપમેન્ટ સેલ (CWDC) ના ઉપક્રમે તા. ૧૮/૦૯/૨૦૨૬, શુક્રવારના રોજ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર પ્રવાસ કોલેજના આચાર્યશ્રી ડૉ. કૈલાશગીરી કે. ગોસ્વામી સાહેબના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. CWDC ના કો-ઓર્ડિનેટર ડૉ. રંજન વ્યાસ અને પ્રો. લીલાબેનના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ પ્રવાસમાં પોળો ફોરેસ્ટ, વિરેશ્વર મહાદેવ તેમજ મીની પાવાગઢ જેવા રમણીય અને ધાર્મિક સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. આ શૈક્ષણિક પ્રવાસમાં કુલ ૫૬ વિદ્યાર્થીનીઓ તથા શૈક્ષણિક સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# દાદરા અને નગર હવેલીમાં સરકારી નોકરીઓમાંથી કર્મચારીઓની છટણી સામે કોંગ્રેસ આક્રમક

દાદરા અને નગર હવેલીમાં સરકારી વિભાગોમાંથી કર્મચારીઓની છટણી સામે કોંગ્રેસે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. સ્વાસ્થ્ય, શિક્ષણ, ઁઉઙ જેવા વિભાગોમાંથી આઉટર્સોસિંગ અને ડેઈલી વેજીસ કર્મચારીઓને છૂટા કરાયા છે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પ્રભુ ટોકિયાએ ભાજપના નેતાઓને જવાબદાર ઠેરવ્યા. પોલીસ ભરતીના નિયમોમાં સ્થાનિક યુવાનોને રાહત અને અનામતની સ્પષ્ટતાની માંગ સાથે કોંગ્રેસે જનઆંદોલનની ચીમકી ઉચ્ચારી છે.સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલીમાં સરકારી વિભાગોમાંથી કર્મચારીઓની પાછલા બારણેથી થઈ રહેલી છટણી સામે કોંગ્રેસ પક્ષ દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. રોજગારી અને અનામત મુદ્દે શાસકો તથા પ્રશાસન પર ગંભીર આક્ષેપો લગાવવામાં આવ્યા હતા અને અન્યાયી નિયમોમાં તાત્કાલિક સુધારો કરવા માટે અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે.સ્વાસ્થ્ય વિભાગ, શિક્ષણ વિભાગ, પીડબલ્યુડી અને જિલ્લા પંચાયત જેવા મહત્ત્વના સરકારી વિભાગોમાંથી લાંબા સમયથી સેવા આપતા આઉટર્સોસિંગ અને ડેઈલી વેજીસ કર્મચારીઓને અચાનક છૂટા કરવામાં આવી રહ્યા છે. આ ગંભીર બાબતના વિરોધમાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પ્રભુ ટોકિયાએ સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે આ કર્મચારી વિરોધી નીતિઓ પાછળ સાંસદ, જિલ્લા પંચાયત પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ અને શાસક પક્ષ ભાજપ સીધી રીતે જવાબદાર છે.સ્થાનિક યુવાનોના હિત અને પોલીસ ભરતીના નિયમોકોંગ્રેસે પોલીસ ભરતીના નિયમો સામે પણ સવાલો ઉઠાવ્યા છે અને ડીઆઈજીને લેખિત રજૂઆત કરી છે. જેમાં કેટલીક માંગણીઓ કરવામાં આવી છે.ઊંચાઈના માપદંડોમાં સ્થાનિક યુવાનોને રાહત આપવીએસસી, એસટી અને ઓબીસી વર્ગો માટે અનામતની સ્પષ્ટતા કરવીડોમિસાઈલ પ્રમાણપત્રને યોગ્ય રીતે ગણતરીમાં લેવુંજનઆંદોલનની ચીમકીપ્રદેશના શ્રમિકો, કર્મચારીઓ અને બેરોજગાર યુવાનોના હક્ક માટે જો અન્યાયી નિયમોમાં સુધારો કરવામાં નહીં આવે અને સ્થાનિક યુવાનો તથા આદિવાસી સમાજના હિતો સુરક્ષિત નહીં થાય, તો કોંગ્રેસ દ્વારા રસ્તા પર ઉતરીને ઉગ્ર જનઆંદોલન કરવામાં આવશે તેવી ચેતવણી ઉચ્ચારવામાં આવી છે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat